**આંક 05 લગત હુકમ**

1) સદર કામે વાદી દ્વારા હાલનો દાવો જાહેરાત વહેચણી તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરવામાં આવેલ છે અને તે સાથે સી.પી.સી.ઓર્ડર 39 રુલ 1,2તથા કલમ 151 હેઠળ અરજી કરી દાવાના આખરી નિકાલ સુધી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતો પ્રતિવાદીઓ જાતે કે અન્ય ઈસમો મારફતે વેચે વેચાવે નહિ કે ટ્રાન્સફર,એસાઇન,વીલ,બક્ષિશ કે તેમાં કોઈ જાતના લખાણો વાદીની સંમતી વિના કરે કરાવે નહિ કે તેમાં કોઈ પણ જાતની ફેરબદલી કે સ્થળસ્થિતિમાં ફેરફાર કરે કરાવવામાં આ કામના પ્રતિવાદીઓને કોઈ હક્ક કે અધિકાર નથી તેઓ કામચલાઉ મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુદ્ધ આપવા રજૂઆત કરેલ છે.

2) આ દાવાના કામે પ્રતિવાદીઓને ધોરણસરની નોટીસ બજી જતા પ્રતિવાદીઓએ આંક-13 થી દાવાનો અને મનાઈહુકમનો સંયુક્ત જવાબ રજૂ કરી સ્પષ્ટ પણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઇનકાર કરેલ છે.

3) વાદી તરફે મનાઈહુકમની તેઓના વી.વ.શ્રીએ આંક 5 ની અરજી અનુસાર ની દલીલો કરી અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.વાદી તરફે મનાઈહુકમ ની અરજીના સમર્થનમાં માર્ક 3/1 થી 3/11 સુધી દસ્તાવેજો રજૂ રાખેલ છે.\

4) દાવાના કામે પ્રતિવાદીઓને ધોરણસરની નોટીસ બજી જતા પ્રતિવાદીઓએ આંક 13 થી દાવાનો અને મનાઈ હુકમનો સંયુક્ત જવાબ રજૂ કરી સ્પષ્ટ પણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઇનકાર કરેલ છે.વધમાં પ્રતિવાદી તરફે તેમના વી.વ.શ્રીએ વાદી ની આંક 5 ની અરજ નામંજૂર કરવા અરજ કરેલ છે.

5) વાદી તરફે તથા પ્રતિવાદી તરફે વિદ્વાન વકીલ શ્રીઓની દલીલો સાંભળી.દાવા અરજી,આંક 05 ની અરજી,દાવા નું તમામ રેકોર્ડ ધ્યાને લીધેલ છે આ સાથે વચગાળાની મનાઈહુકમની અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાને લેવાના કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ તેમજ બેલેન્સ ઓફ કનવિનિયન્સ કોની તરફાણમાં છે અને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો કોને નાણામાં ભરપાઈ ના થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે તે ધ્યાને રાખેલ છે.સાથે સી.પી.સી ના ઓર્ડર 39 રૂલ 1 અને 2  વંચાણે લીધેલ છે જે સરળતા ખાતર નીચે રજૂ રાખેલ છે.

### 1. Cases in which temporary injunction may be granted

**1**[***] Where in any suit it is proved by affidavit or otherwise--

(a) that any property in dispute in a suit is in danger of being wasted, damaged or alienated by any party to the suit, or wrongfully sold in execution of a decree, or

(b) that the defendant threatens, or intends, to remove or dispose of his property with a view to **2**[defrauding] his creditors,

**3**[(c) that the defendant threatens to dispossess, the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to any property in dispute in the suit,]

the court may by order grant a temporary injunction to restrain such act, or make such other order for the purpose of staying and preventing the wasting, damaging, alienation, sale, removal or disposition of the property **2** [or dispossession of the plaintiff, or otherwise causing injury to the plaintiff in relation to any property in dispute in the suit] as the Court thinks fit, until the disposal of the suit or until further orders.

**4**[***]

**2. Injunction to restrain repetition or continuance of breach**

(1) In any suit for restraining the defendant from committing a breach of contract or other injury of any kind, whether compensation is claimed in the suit or not, the plaintiff may, at any time after the commencement of the suit, and either before or after judgment, apply to the Court for a temporary injunction to restrain the defendant from committing the breach of contract or injury complained, of, or any breach of contract or injury of a like kind arising out of the same contract or relating to the same property or right.

(2) The Court may by order grant such injunction, on such terms as to the duration of the injunction, keeping an account, giving security, or otherwise, as the Court thinks fit.

6) આ તબક્કે નામદાર વડી અદાલત તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતો દ્વારા વખતોવખત આપેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ને ધ્યાને લીધેલ છે જે સરળતા સારું નીચે રજૂ રાખેલ છે.નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **M/S Gujarat Bottling Co.Ltd. & Ors vs The Coca Cola Co. & Ors માં ઠરાવેલ છે કે,**

**46.**The grant of an interlocutory injunction during the pendency of legal proceedings is a matter requiring the exercise of discretion of the court. While exercising the discretion of the court. While exercising the discretion the court applies the following tests - (i) whether the plaintiff has a prima facie case; (ii) whether the balance of convenience is in favour of the plaintiff; and (iii)

whether the plaintiff would suffer an irreparable injury if his prayer for interlocutory injunction is disallowed. The decision whether or not to grant an interlocutory injunction has to be taken at a time when the existence of the legal right assailed by the plaintiff and its alleged violation are both contested and uncertain and its alleged violation are both contested and uncertain and remain uncertain till they are established at the trial on evidence. Relief by way of interlocutory injunction is granted to mitigate the risk of injustice to the plaintiff during the period before that uncertainty could be resolved. The object of the interlocutory injunction is to protect the plaintiff against injury by violation of his right for which he could not be adequately compensated in damages recoverable in the action if the uncertainty were resolved in his favour at the trial.The need for such protection has, however, to be weighed against the corresponding need of the defendant to be protected against injury resulting from his having been prevented from exercising his own legal rights for which he could not be adequately compensated. The court must weigh one need against another and determine where the 'balance of convenience' lies. [see:Wander Ltd.& Anr. v,. Antox India P. Ltd., 1990 (suo) Scc 727 at pp. 731-32]. In order to protect the defendant while granting an interlocutory injunction in his favour the Court can require the plaintiff to furnish an undertaking so that the defendant can be adequately compensated if the uncertainty were resolved in his favour at the trial.

વધુમાં અલાહાબાદ હાઈકોર્ટ ના **Smt. Shefali Roy vs Hero Jaswant Dass And Others on 25 March, 1992 માં ઠરાવેલ છે કે,**

17. The principle upon which injunction is granted, is well settled. Party to the litigation,who seeks an injunction, must satisfy the Court that there is a serious question to be tried at the hearing of the suit and every probability tilts in his favour for the relief sought for i.e. prima facie is in his favour. However, at this juncture it is made clear prima facie case may not be confused in prima facie success, but simply if there is serious question to be tried, the test of prima facie is satisfied and further Courts interference is necessary without which a right accrued in favour of the concerned, cannot be protected from species of injury which is known as irreparable injury and comparative mischief which is likely to cause in the absence of the injunction will be greater and not compens-able, thus the balance of convenience also tilts in his favour. Broadly these principles apply where injunction is sought by the party.

નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા Kashi Math Samsthan vs. Shrimad Sudhindra Thirtha Swamy, AIR 2010 SC 296 માં ઠરાવેલ છે કે,Interim injunction u/o. 39, rule 1 & 2 CPC cannot be granted when the party is unable to prove prima facie case in

his favour even if such party makes out a case of balance of convenience and irreparable injury.

7) આ કામે સમગ્ર રેકોર્ડ,હાલની અરજી બંને પક્ષકારોની દલીલો તેમજ હાલની અરજી નિર્ણિત કરતી વખતેના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે.આ કામે વાદી દ્વારા હાલનો દાવો જાહેરાત વહેચણી તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરવામાં આવેલ છે અને તે સાથે દાવાના આખરી નિકાલ સુધી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતો પ્રતિવાદીઓ જાતે કે અન્ય ઈસમો મારફતે વેચે વેચાવે નહિ કે ટ્રાન્સફર,એસાઇન,વીલ,બક્ષિશ કે તેમાં કોઈ જાતના લખાણો વાદીની સંમતી વિના કરે કરાવે નહિ કે તેમાં કોઈ પણ જાતની ફેરબદલી કે સ્થળસ્થિતિમાં ફેરફાર કરે કરાવવામાં આ કામના પ્રતિવાદીઓને કોઈ હક્ક કે અધિકાર નથી તેઓ કામચલાઉ મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુદ્ધ આપવા માટે કરેલ છે.સદર દાવા મા વાદી દ્વારા તેઓ મૈયત સતિષભાઈ શંકરભાઈ ચોધરી ની વિધવા છે તેવું જાહેર કરી દાવાવાળી મિલકત માં તેઓ કો-પાર્સનર છે તેવું જાહેર કરી વણવહેચાયેલા હિસ્સાની અરસ પરસ સરસ નરસ વહેચણી માટે કરેલ છે.વાદી દ્વારા માર્ક 3/1 થી મોજે ગામ કહેર તા.વાલોડ જી.તાપી ખાતે આવેલ બ્લોક નંબર 99 ના ગામ નમૂના નંબર 6 ના હક્ક પત્રકે પડેલ નોંધ નંબર 2745 ના તમામ દસ્તાવેજો ની નકલ રજુ રાખેલ છે જે ધ્યાને લેતા સદર અરજી નર્મદાબેન બાબુભાઈ ચોધરી દ્વારા વારસાઈ ની નોંધ ખાતા નંબર 188 બ્લોક નંબર 99 મોજે કહેર ખાતે આવેલ ખેતી ની જમીન માં શંકરભાઈ કમચીભાઈ ચોધરી નું મૈયત થયા બાદ તેઓના વારસદાર તરીકે વારસાઈ કરવા સારુ અરજ કરેલ હોવાનું જણાય આવે છે જેની સાથે રજૂ સોગંદનામા મુજબ હાલ ના વાદી જશોદાબહેન દ્વારા સતિષભાઈ સાથે હયાતી માં છૂટાછેડા લઈ બીજા લગ્ન કરેલ હોવાની વિગત જણાવેલ છે જે આધારે કાચી ફેરફાર નોંધ નંબર 2745 પડતા તેની સામે હાલના વાદી દ્વારા વાંધો લેતા તકરારી કેસ 09/2022 અસ્તિત્વ માં આવેલ અને જે અનુસાર કાચી ફેરફાર નોંધ નંબર 2745 નામંજૂર કરેલ હોવાનુ ફલિત થાય છે.વધુમા તકરારી મિલકત નંબર 204 ગામ સુરાલી તાલુકો બારડોલી જી.સુરત ખાતે આવેલ મિલકત અંગે વાદી દ્વારા માર્ક ⅗ થી મિલકત ની વેરા પાવતી રજૂ રાખેલ છે જેમા મંજુબેન તથા સતિષભાઈ અને નર્મદાબેન નુ નામ ચાલી આવતુ હોવાનુ જણાય આવે છે.વધુમા તકરારી મિલકત મોજે મહુડી તા.મહુવા જી સુરત બ્લોક નં.53 અંગે વાદી દ્વારા માર્ક 3/6 થી ગામ નમૂના નંબર 7 ની નકલ રજુ રાખેલ છે જેમા નર્મદાબેન,નીલકંઠ કુમાર તથા રાહુલકુમાર બાબુભાઈ નું નામ જણાય આવે છે તેમા વાદી નુ નામ જણાય આવતું નથી.સદર બ્લોક નં.53 વાળી મિલકત અંગે પ્રતિવાદી તરફે વી.વ.શ્રીએ દલીલ કરેલ છે કે સદર મિલકત પ્રતિવાદી ના વડીલ દ્વારા વેચાણ દસ્તાવેજ ના આધારે ખરીદેલ હતી અને જે મિલકત તથા અન્ય તમામ મિલકતો પ્રતિવાદી ના કબ્જા મા છે અને જેથી વાદી ને મનાઈહુકમ મળી શકે તેમ નથી.સદર બ્લોક નં.53 વાળી મિલકત અંગે વાદી દ્વારા માર્ક 3/7 થી નોંધ નંબર 357 ની નકલ રજુ રાખેલ છે જે ધ્યાને લેતા બ્લોક નં.53 વાળી મિલકત બાબુભાઈ શંકરભાઈ ચૌધરી નાઓએ વેચાણ લીધેલ હોવાની એન્ટ્રી છે જે અંગે વાદી દ્વારા પ્લીડ કરવામા આવેલ છે કે સદર મિલકત વાદી ના

સસરા દ્વારા તેઓની કમાણી માથી વાદી ના જેઠ મૈયત બાબુભાઈ ના નામે ખરીદેલ.ત્યારે સદર મિલકત વાદી ના મૈયત સસરા દ્વારા તેઓની કમાણી માંથી વાદી ના મૈયત જેઠ ના નામે ખરીદેલ હતી કે પછી પ્રતિવાદી ના જણાવ્યા અનુસાર તેઓના મૈયત વડીલ દ્વારા સ્વપાર્જીત આવકમાંથી ખરીદ કરેલ તે પુરાવા નો વિષય છે અને હાલ ના તબક્કે પુરાવા અંગે ની ચર્ચા કરવી ઉચિત જણાય આવતી નથી.

(7.1) આ સિવાય દાવાવાળી તકરારી મિલકતો બ્લોક નં.99 મોજે કહેર તા.વાલોડ જી.તાપી તથા સુરાલી ગામ,તા.બારડોલી,જી.સુરત ખાતે આવેલ મિલકત નંબર 204 અંગે ચર્ચા કરતા પ્રતિવાદી દ્વારા તકરાર લેવામાં આવેલ છે કે, વાદી અને તેઓના પતિ સતિષભાઈ વચ્ચે વડીલોની હાજરી મા મૌખિક રીતે સને 2007 ની સાલ માં છૂટુ થઈ ગયેલ હતું અને ત્યારથી વાદી અન્ય જોડે પત્ની તરીકે આજદિન સુધી રહેતા આવેલા છે અને તેના થકી તેમને એક પુત્રી પણ છે જે અંગે વાદીએ પોતે રજૂ કરેલ દસતાવેજી પુરાવા મા તેઓની પુત્રી વિશ્વા નો જન્મ નો દાખલો રજૂ કરેલ છે અને જેમાં પિતા તરીકે શૈલેષ રણછોડભાઈ ચૌધરી નું નામ તથા માતા તરીકે વાદી નું નામ ચાલી આવેલ છે જે સામે વાદી દ્વારા રજૂઆત કરેલ છે કે વાદી ના પતિ 2017 માં અવસાન પામેલા છે અને પ્રતિવાદીઓ અમોને અમારા ગુજરી જનાર પતિ ની મિલકતો માં થી ભાગ આપવા માંગતા ના હોવાના કારણે ખોટી રીતે વારસાઈ અંગે ની કાર્યવાહી કરેલ પરંતુ વાદી ના તમામ ઓળખ અંગે ના દસ્તાવેજ મા આજે પણ પતિ તરીકે શ્રી સતિષભાઈ શંકરભાઈ ચૌધરી નું નામ ચાલી આવેલ છે જે દર્શાવવા સારુ વાદી દ્વારા માર્ક 3/8 થી 3/11 તેઓનુ રેશનકાર્ડ,આધાર કાર્ડ,ચૂંટણી કાર્ડ,પાન કાર્ડ ની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે જેમા પતિ તરીકે સતિષભાઈ નું નામ ચાલતુ હોવાનું ફલિત થાય છે જેની સામે પ્રતિવાદી દ્વારા માર્ક 28/1 થી 2025 ની મતદાર સુધારણા યાદી ની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે જેમા જશોદાબેન ચૌધરી ના પતિ તરીકે શૈલેષભાઈ નું નામ ચાલી આવેલ હોવાનું જણાવેલ છે પરંતુ પ્રતિવાદી દ્વારા વાદી અને પ્રતિવાદી વચ્ચે છૂટાછેડા થયેલ હોય તેવો કોઈ કરાર કે અદાલત નું કોઈ હુકમનામું રજૂ કરેલ નથી.વધુમા પ્રતિવાદી દ્વારા વાદી અને સતીશભાઇ વચ્ચે છૂટાછેડા થઈ ગયેલા હોવાની હકીકત રેકોર્ડ ઉપર લાવવા સારું આંક 15 થી 17 સુધી કહેર ગામ ના ત્રણ રહીશો ના સોગંદનામા રજૂ કરેલ છે પરંતુ એ અત્રે એ નોંધવું જરૂરી છે કે અત્રે ની અદાલત હાલ વચગાળા ના મનાઈહુકમ ની અરજી નિર્ણિત કરી રહી છે અને સદર અરજી નિર્ણિત કરતી વખતે પુરાવા ની વિગતવાર ચર્ચા કરવી ઉચિત જણાય આવતી નથી.વધુમા વાદી અને સતીશભાઇ ના લગ્ન થયેલા ના હતા તેવી પ્રતિવાદી ની કોઈ તકરાર નથી ત્યારે વાદી અને સતીશભાઇ ના છૂટાછેડા થઈ ગયેલા છે કે કેમ ? તેઓ દ્વારા છૂટાછેડા બાદ અન્ય જગ્યાએ લગ્ન કરી લીધેલ છે કે કેમ અને તેના થકી તેઓને સંતાનો છે કે કેમ ? બ્લોક નંબર 53 વાળી મિલકત વાદી ના મૈયત સસરા દ્વારા તેઓની કમાણી માંથી વાદી ના મૈયત જેઠ ના નામે ખરીદેલ હતી કે પછી પ્રતિવાદી ના જણાવ્યા અનુસાર તેઓના મૈયત વડીલ દ્વારા સ્વપાર્જીત આવકમાંથી ખરીદ કરેલ કે કેમ ? તે તમામ હકીકત અત્રે ની અદાલત ટ્રાયલ ના અંતે નિર્ણિત કરી શકે છે.વધુમાં પ્રતિવાદી દ્વારા વાદી અને સતીશભાઇ ના લગ્ન

થયેલા હોવા અંગે કોઈ તકરાર લેવામાં આવેલ નથી.આમ,હાલ ના તબક્કે મોજે કહેર બ્લોક નં.99 તા.વાલોડ જી.તાપી તેમજ મોજે સુરાલી તા.બારડોલી જી.સુરત મિલકત નં.204 તથા મોજે મહુડી તા.મહુવા ખાતે આવેલ બ્લોક નંબર 53 વાળી મિલકતો મા વાદી નો સતિષભાઈ ના વિધવા પત્ની તરીકે કોઈ હક્ક હિત હિસ્સો છે કે કેમ તે નિર્ણિત થઈ શકે તેમ નથી.વધુમા જ્યારે પ્રતિવાદી દ્વારા વાદી ના સતિષભાઈ ના પત્ની હોવા અંગે તકરાર લીધેલ ના હોય,ત્યારે વાદિ નો હાલ ના તબ્ક્કે પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાય આવે છે વધુમાં તકરારી મિલકતો જો પ્રતિવાદી દ્વારા વેચાણ ગીરો બક્ષિસ કે અન્ય હક્ક થી ટ્રાન્સફર કરી દેવામા આવે તો મિલકત અન્વયેના હક્કો અંગે યોગ્ય નિર્ણય લઈ શકાય નહિ અને વાદી ના હક્ક ને નાણા થી ભરપાઈ ના થઈ શકે તે પ્રકારે નુકશાન જાય તેમ છે.વધુમા વાદી ની તરફેણમા જો વચગાળા નો મનાઈ આપવામા આવે તો પ્રતિવાદી ને કોઈ નુકશાન જાય તેમ જણાય આવતું નથી અને જેથી બેલેન્સ ઓફ કનવિનિયન્સ વાદી ના તરફેણ માં રહેલ છે.આમ,ચર્ચા ના અંતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:હુકમ:**

1. આ કામે વાદીની હાલની આંક 05 થી સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર 39 રુલ 1,2 તથા કલમ 151 મુજબની વચગાળાની મનાઈ હુકમની હાલની અરજી મંજૂર કરવામા આવે છે.

2.આ કામના પ્રતિવાદીઓ ને એવો હુકમ કરવામાં આવે છે કે,દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલકતો પ્રતિવાદીઓ જાતે કે અન્ય કોઈ ઇસમ મારફતે વેચાણ, ટ્રાન્સફર, અસાઇનમેન્ટ, વીલ, બક્ષિસ અથવા અન્ય કોઈ પણ પ્રકારનુ હક હસ્તાંતરણ કરવું નહિ.

3. આ અરજી અંગેનો ખર્ચ દાવાના આખરી પરિણામ ને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ 01,માહે એપ્રિલ,સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
PARMAR BHAVESHKUMAR
Reason: Verified
at Valod
on 01/04/2026 17:24:51 IST.

**તારીખ:01/04/2026** **(બી.એસ.પરમાર)**

**સ્થળ:વાલોડ** **પ્રિન્સિપાલ સિવિલ જજ**

**જજ કોડ:GJ01736**